RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૭૪ તા.૧૫–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પ્રજાપતી મનીષભાઈ વિઠ્ઠલભાઈ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રજાપતી મનીષભાઈ વિઠ્ઠલભાઈની તા. ૦૭–૦૯–૧૧ની અરજીથી સુમપાના નોર્થઝોન (કતારગામઝોન) વિસ્તારમાં આવેલ તમામ શોપીંગ સેન્ટર ની મુદ્દા નં.(૧) દુકાનમાં નામ ટ્રાન્સફર માટે કેટલી અરજી આવી છે? (૨) દુકાનના નામ ટ્રાન્સફર માટેની કેટલી અરજી પેન્ડીંગ છે? (૩) કેટલી અરજીનો નિકાલ કરવામાં આવ્યો છે? (૪) તેમજ તે માટેની તમામ નિયમોની તેમજ સ્થા.સ.ઠ. ની નકલ આપવા વિનંતી. વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૭૪/૨૦૧૧–૧૨

શ્રી પ્રજાપતી મનીષભાઈ વિઠ્ઠલભાઈની તા. ૦૭–૦૯–૧૧ની અરજીથી સુમપાના નોર્થઝોન (કતારગામઝોન) વિસ્તારમાં આવેલ તમામ શોપીંગ સેન્ટરની મુદ્દા નં.(૧) દુકાનમાં નામ ટ્રાન્સફર માટે કેટલી અરજી આવી છે? (૨) દુકાનના નામ ટ્રાન્સફર માટેની કેટલી અરજી પેન્ડીંગ છે? (૩) કેટલી અરજીનો નિકાલ કરવામાં આવ્યો છે? (૪) તેમજ તે માટેની તમામ નિયમોની તેમજ સ્થા.સ.ઠ. ની નકલ આપવા વિનંતી. વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહરે માહિતી અધિકારી (કતારગામઝોન) ના પત્ર નં. એન.ઝેડ/ એ.આર.ડી/ ૫૯૭ તા. ૦૭–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો–વિવાદી બાબતે જોગવાઈની નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૦૩ તા.૨૨–૧૨–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અપીલ કરવા ઈચ્છુક હોય તો પત્ર સાથે સામેલ નમુના–'ચ' નું ફોર્મ ભરી અત્રે મોકલવા તથા લગભગ એક માસથી વધુ વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯ (૧) હેઠળ કારણ/વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/આ.નં.૬૭૩ તા.૩૦–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૪૭૯ તા.૧–૧૦–૧૧ના પત્રની નકલ, અરજદારનો તા.૧૪–૧૦–૧૧ ના પત્રની નકલ, અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી નં.એન.ઝેડ/ એઆરડી/ ૫૯૭ તા.૭–૧૨–૧૧ ના પત્રની નકલ, અરજદારનો તા.૧૫–૧૨–૧૧ નો પત્ર, અરજદારને પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૫૫ તા.૨૩–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા. ૭–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૪૭૯ તા.૧–૧૦–૧૧ થી અરજદારને નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) દુકાનમાં નામ ટ્રાન્સફર માટે કેટલી અરજી આવી છે? (૨) દુકાનના નામ ટ્રાન્સફર માટેની કેટલી અરજી પેન્ડીંગ છે? (૩) કેટલી અરજીનો નિકાલ કરવામાં આવ્યો છે? તેવા મુદ્દા નં.૧ થી ૩ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપયોગના પ્રકારની અલગ માહિતી રાખવામાં આવતી નથી કુલ નામ ટ્રાન્સફરની અરજીઓ એપ્રિલ ૨૦૧૧ થી ૧૫ મી સપ્ટેમ્બર ૨૦૧૧ સુધીની માહિતી નીચે મુજબ છે. આવેલ અરજી –૪૦૨૫ , નિકાલ અરજી–૩૫૮૬ પેન્ડીંગ અરજી–૪૩૯ તેવું જણાવેલ છે. (૪) તેમજ તે માટેની તમામ નિયમોની તેમજ સ્થા.સ.ઠ. ની નકલ તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયમો કે સ્થા.સ.ઠ ની કોઈ નિયમો નથી આ બાબતે કતારગામ કચેરી રૂમ નં.૧૧૫ આકારણી અને વસુલાત વિભાગની કચેરીની બહાર બોર્ડ ઉપર વિગતો

પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેમજ નામ ટ્રાન્સફર અરજીઓ માટે અરજદારને આપવામાં આવતા પુરાવા પત્રમાં જણાવ્યા મુજબના પુરાવાઓ રજૂ કરવાના રહે છે પુરાવા પત્રની નકલ નંગ–૧ આ સાથે સામેલ છે તેવું જણાવેલ છે. જે અંગે આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે અથવા મળે તો તે અંગેની નારાજગીના કિસ્સામાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે છે. તેની જગ્યાએ અરજદારે જાહેર માહિતી અધિકારીને મુળ અરજી બાબતે મળેલા જવાબ સંબધે અન્ય પ્રશ્નો રજૂ કરી તા.૧૪–૧૦–૧૧ થી પત્રથી રજૂઆત કરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/૫૯૭ તા.૭–૧૨–૧૧ ના પત્રમાં સંદર્ભ–૨ મુજબના પત્રથી તમોને માહિતી આપવામાં આવેલ. આપના ઉપરોકત સંદર્ભ–૩ મુજબના પત્રના અનુસંધાનમાં કતારગામઝોન કક્ષાએથી વિશેષ માહિતી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. ત્યાર બાદ ફરીથી અરજદારે જુદી વિગતો સાથે મ્યુ. કમિ.શ્રીને સંબોધી પત્ર પાઠવેલ છે જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી નં.એન.ઝેડ/૬૫૫ તા.૨૩–૧૨–૧૧ થી પ્રત્યુત્તર પાઠવેલ છે. જેની એક નકલ આરટીઆઈ સેલને મોકલવામાં આવેલ.જેના સંદર્ભે આરટીઆઈ સેલ/૧૩૦૩ તા.૨૨–૧૨–૧૧ થી પૂરક વિગતો અંગેનો પત્રો પાઠવવામાં આવેલ. જે સબંધે અરજદારે અપીલ બાબતે સામેલ કરેલ નિયત પ્રફોર્માં અપીલ રજૂ કરવા તથા એક માસથી વધુ વિલંબિત અપીલ અંગે કલમ–૧૯(૧) હેઠળ કારણ અને વાજબીપણું રજૂ કરવા જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો કે પ્રત્યુત્તર અત્રે મળેલ નથી. તેમજ અપીલ તબકકે વિલંબિત અપીલ બાબતે કોઈ વાજબીપણું પણ રજૂ કરેલ નથી. વધુમાં તા.૧૫–૧૨–૧૧ ના પત્ર સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ તેઓના પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૬૫૫ તા.૨૩–૧૨–૧૧ થી જણાવેલ છે કે તા.૧૫–૧૨–૧૧ ના પત્રથી માંગેલ માહિતી જમીન મિલ્કત વિભાગને લગતી માલુમ પડતી હોય તે મુજબની અરજી માંગેલ માહિતી બાબતે આરટીઆઈ હેઠળ અલગ અરજી કરી તેમાં સબંધિત વિભાગ જમીન મિલ્કત વિભાગ સ્પષ્ટપણે જણાવ્યેથી અરજી કરી માહિતી મેળવી શકો છો. આમ જાહેર માહિતી અધિકારીએ તેમની અરજીનો પ્રત્યુત્તર પણ પાઠવેલ છે. આમ અરજદારે અત્રે કોઈ અપીલ રજૂ કરેલ ન હોઈ તેમજ વિલંબિત અપીલ અંગે પણ કોઈ આધાર કે વાજબીપણુ રજૂ કરેલ ન હોઈ અરજદારની વિલંબિત પત્ર ધ્વારા કરેલી રજૂઆત ને અપીલ તરીકે ગ્રાહય રાખવા પાત્ર થાય નહીં અને અપીલ અરજી દફતરે કરવા જોગ થાય. તેમ છતાં કાયદાનું હાર્દ અને ભાવનાને અનુલક્ષી ફરીયાદ તરીકે અપીલ ધ્યાને લીધેલ છે. અરજદારે મુળ અરજીના પરિપ્રેક્ષ્ય બહારની માહિતી માટે મુળ અરજીથી અલાયદા પ્રશ્નો અંગે આરટીઆઈ એકટની જોગવાઈ અને નિયમોનુસાર અલાયદી માહિતી મેળવવા માટે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરવી રહે.

અત્રે એ પણ સૂચક છે કે મુદ્દા નં.૪ નો જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર આકારણી કક્ષાના સંદર્ભે પણ યોગ્ય નથી. બીપીએમસી એકટ સાથે નિયમો પ્રકરણ–૮ માં સ્વયં સ્પષ્ટ હોવા છતાં તથા સ્વયં પ્રકાશિત જાહેર કરવા યોગ્ય કક્ષાની માહિતી હોવા છતાં આવા નિયમો નથી તેવો પ્રત્યુત્તર યોગ્ય નથી. અરજદારે પણ પ્રથમ તબકકે સંદિગ્ધ માહિતી માંગ્યાનું જણાય છે. મનપાના શોપીંગ સેન્ટર દુકાન તબદીલી તેવો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરી માહિતી માંગેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૯–૧૧ થી માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ સિવાય પૂરી પડાયેલ છે. પરંતુ મુદ્દા નં.૪ ની સ્વયં પ્રકાશિત જાહેર કરવા યોગ્ય કક્ષાની માહિતી પૂરી પાડેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે તા.૧૫–૧૨–૧૧ના પત્રથી મુળ અરજીથી મનપાના શોપીંગ સેન્ટર દુકાનની તબદીલીની અલાયદી માહિતીની માંગણી અંગે આરટીઆઈ એકટની જોગવાઈ અને નિયમોનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રજાપતી મનીષભાઈ વિઠ્ઠલભાઈ